# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

જિલ્લા સેવા સદન-૨, એ બ્લોક ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત

- Phone No: (0261) 2662903, Fax No: 2662902, Email Id: suratdeo@gmail.com

ક્રમાંક:RMSA/ બાળ રંગ/2024/ 15764-65 તા.20/૧૧/૨૦૨૪

તાત્કાલિક / સમયમર્યાદા

પ્રતિ,

આચાર્યશ્રી,

સુરત જિલ્લાની તમામ માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળા ,

જિ.સુરત.

**વિષય:-** ભોપાલ (મધ્યપ્રદેશ )ખાતે યોજાનાર રાષ્ટ્રીય પરંપરાગત લોકનૃત્ય (બાળ રંગ) સ્પર્ધા- ૨૦૨૪ માં ભાગ લેનાર લોકનૃત્ય ટીમની પસંદગી કરવા બાબત.

સંદર્ભ:- સચિવ,સમગ્ર શિક્ષા, સેક્ટર-17, ગાંધીનગર: એસએસ/ક્યુઈએમ/બાળરંગ/૨૦૨૪/૫૪૨૬૧ - ૨૯૯ તા-૧૮/૧૧/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે,સમગ્ર શિક્ષા અંતર્ગત ભોપાલ(મધ્યપ્રદેશ) ખાતે યોજાનાર રાષ્ટ્રીય પરંપરાગત લોક નૃત્ય (બાળ રંગ) સ્પર્ધા -૨૦૨૪ નું આયોજન અગામી તારીખ ૨૧ થી ૨૨ ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન ભોપાલ મધ્યપ્રદેશ ખાતે કરેલ છે.તો સુરત જિલ્લાની શાળાઓએ સંપૂર્ણ સંદર્ભ પત્ર નું વાંચન કરી પરંપરાગત લોકનૃત્ય ની એક કૃતિ/વિડીયો મોકલી આપવાનો રેહશે.

બિડાણ:- સંદર્ભ પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી
જિલ્લો-સુરત

સવિનય નકલ રવાનાજાણ સારું:-

પ્રતિ,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી,સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની કચેરી,સમગ્રશિક્ષા અભિયાન,સેક્ટર-૧૭,ગાંધીનગર

નકલ રવાના જાણ :-

૧) પ્રતિશ્રી, EI શ્રી /AEI શ્રી અત્રેની કચેરી,સુરત

૨) પ્રતિશ્રી, એકાઉન્ટ ઓફિસરશ્રી, સમગ્રશિક્ષા,સુરત

3) પ્રતિશ્રી, DRP/ BRC / BRP /CRC.(શાળાઓમાંજાણ કરવા સારું)

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭ , ગાંધીનગર
વેબસાઇટ: www.ssagujarat.org
ઇ-મેઇલ qem-gcsess@gujarat.gov.in

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

समग्र शिक्षा
Samagra Shiksha

પત્રક્રમાંક : એસએસ/કયુઇએમ/બાળરંગ/૨૦૨૪/૫૪૨૬૧-૨૯૯ તા.૧૮/૧૧/૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા: તમામ.

**વિષય:** ભોપાલ (મધ્યપ્રદેશ) ખાતે યોજાનાર રાષ્ટ્રીય પરંપરાગત લોકનૃત્ય(બાળ રંગ) સ્પર્ધા-૨૦૨૪માં ભાગ લેવા લોકનૃત્ય ટીમની પસંદગી કરવા બાબત.

**સંદર્ભ:** કમિશનરશ્રી, ડાયરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રકશન મધ્યપ્રદેશ (ભોપાલ) ૦૪/૧૦/૨૦૨૪નો પત્ર.

ઉપરોક્ત વિષય અને સંદર્ભે જણાવવાનું કે ગત વર્ષની જેમ ચાલુ વર્ષે પણ કમિશનરશ્રી, ડાયરેક્ટર ઓફ પબ્લિક ઇન્સ્ટ્રકશન મધ્યપ્રદેશ(ભોપાલ)દ્વારા રાષ્ટ્રીય પરંપરાગત લોકનૃત્ય(બાલરંગ) સ્પર્ધા-૨૦૨૪નું આયોજન આગામી તારીખ ૨૧ થી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ દરમિયાન ભોપાલ (મધ્યપ્રદેશ) ખાતે યોજાનાર છે.

ગુજરાત રાજ્યની ઓળખ પ્રાચીનકાળ થી ઉત્સવપ્રિય અને સાંસ્કૃતિક ધરોહરને સાચવીને જીવનારી પ્રજા તરીકે પ્રસ્થાપિત થયેલી છે.રાજ્યના જિલ્લાઓની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોને પોત-પોતાના વિસ્તારનાં પરંપરાગત લોકનૃત્યને આ પ્રકારના રાષ્ટ્રીય પ્લેટફોર્મ ઉપર પ્રદર્શિત કરવાની તક પ્રાપ્ત થાય અને રાષ્ટ્રીય કક્ષાએ જુદા જુદા રાજ્યોના લોકનૃત્યથી અવગત થઇ અલગતામાં પણ એકતાનાં દેશ પ્રેમની ભાવનામાં વધારો થાય તેવાં ઉત્તમ હેતુ સાથે કેન્દ્ર સરકાર દ્વારા શરુ કરાયેલ **એક ભારત શ્રેષ્ઠ ભારત** પહેલને વધુ વેગ આપવાના પ્રયાસના ભાગરૂપે આવી સ્પર્ધાઓ માટે બાળકોને પ્રોત્સાહિત કરવા જરૂરી છે.

આ પ્રકારની રાષ્ટ્રીય પરંપરાગત લોકનૃત્ય બાલરંગ સ્પર્ધામાં ભાગ લેવા બાળકોને પ્રોત્સાહન કરવાં આપની તાબાની દરેક પ્રકારની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ધોરણ ૯ થી ૧૨ની શાળાઓને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક શાળાઓએ પરંપરાગત લોક નૃત્યનો ૧૦ મિનીટનો સંગીત સાથેનો એક સારો વિડીયો (મહત્તમ ૧૫ બાળકોની એક ટીમ)ની વિગત ડીઇઓ કચેરી કક્ષાએ મોકલી આપવા આપની કક્ષાએથી જાણ કરશો.

સમગ્ર જિલ્લામાંથી ઉપર મુજબની વિગત અનુસાર આવેલ લોક નૃત્યની ટીમ પૈકી એક શ્રેષ્ઠ ટીમને જિલ્લા કક્ષાએથી તટસ્થ રીતે પસંદ કરી, તેની નીચે મુજબની વિગતો અત્રેની કચેરીના balrang24guj@gmail.com ઈમેલ ઉપર તા.૨૭/૧૧/૨૦૨૪, બુધવાર સુધીમાં મોકલી આપવાનો રહેશે.

**(લોકનૃત્ય ગુજરાત રાજ્યના વિસ્તાર કે પરંપરાગત લોકનૃત્ય હોય તે અપેક્ષિત છે.)**

- આ સ્પર્ધા બાબતે વધુ વિગત માટે અત્રેની કચેરી સંપર્ક (જશુભાઈ પરમાર 95120 04945, ભરતસિંહ ડી.વાઘેલા 9909039170)

રાષ્ટ્રીય પરંપરાગત લોકનૃત્ય(બાલરંગ) સ્પર્ધા-૨૦૨૪માં ભાગ લેવા અંગેની માર્ગદર્શિકા.

1. આ સ્પર્ધામાં ભાગ લેવા માટે રાજ્યની સરકારી, અનુદાનિત, ખાનગી, KGBV, આશ્રમ શાળા, મોડેલ, ડે-મોડેલ માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯ થી ૧૨ માં અભ્યાસ કરતાં બાળકોઆ શાળામાં ચાલુ વર્ષે અભ્યાસ કરતાં હોવા જોઇએ.
2. ધોરણ ૯ થી ૧૨ શાળા સિવાયની કોઇ પણ પ્રકારની પ્રોફેશનલ ટીમ આ સ્પર્ધામાં ભાગ લઇ શકે નહિ.
3. આ સ્પર્ધામાં માટે કુલ ૧૫ બાળકોની ટીમ કે જેઓ દ્વારા નૃત્ય અને ગાયન-વાદન સાથે જે-તે રાજ્યના ચૌક્કસ વિસ્તારની પરંપરાગત લોકનૃત્યનું નિદર્શન કરવાનું રહેશે.
4. ગત વર્ષે રાષ્ટ્રીય પરંપરાગત લોકનૃત્ય(બાલરંગ)સ્પર્ધામાં ભાગ લીધેલ બાળકો ચાલુ વર્ષની આ સ્પર્ધામાં ભાગ લઇ શકશે નહિ.
5. કેસેટ, સી.ડી કે પેન ડ્રાઇવ, મોબાઈલ અથવા કોઇ પણ પ્રકારનાં વિદ્યુત આધારિત સંગીતનો ઉપયોગ કરી શકાશે નહિ.
6. જિલ્લાની, કોર્પોરેશનની DEO, શાસનાધિકારીશ્રીની કચેરી દ્વારા ભાગ લેવા ઈચ્છુક દરેક શાળાઓ પાસેથી પરંપરાગત લોક નૃત્યનો ૧૦ મિનીટનો નૃત્ય અને સંગીત સાથેનો એક સારો વિડીયો મેળવી તેમાંથી જિલ્લા, કોર્પોરેશનની સમિતિ દ્વારા પસંદ કરેલ કોઇ એક શ્રેષ્ઠ વિડીયો તા.૨૭/૧૧/૨૦૨૪, બુધવાર સુધીમાં અત્રેની કચેરીનાં balrang24guj@gmail.com ઈમેલ ઉપર મોકલી આપવાનો રહેશે.
7. રાજ્ય કક્ષાએ ઈમેલ દ્વારા મળેલ ૧૦ મિનીટનાં તમામ વિડીયોનું નિદર્શન રાજ્યની નિષ્ણાંત સમિતિ દ્વારા અવલોકન-નિર્દેશન કરવામાં આવ્યા બાદ તેમાંથી શ્રેષ્ઠ આવેલ પ્રથમ-દ્વિતીય-તૃતીય ટીમની પસંદગી કરવામાં આવશે. આ સમિતિ દ્વારા પસંદ કરેલ શ્રેષ્ઠ પ્રથમ ટીમને પરંપરાગત લોકનૃત્યનાં નિદર્શન માટે રાષ્ટ્રીય પરંપરાગત લોકનૃત્ય(બાલરંગ) સ્પર્ધા-૨૦૨૪ માં ભાગ લેવા **તારીખ ૨૧ થી ૨૨ ડિસેમ્બર, ૨૦૨૪ (શનિવાર-રવિવાર)** દરમિયાન ભોપાલ (મધ્યપ્રદેશ)ખાતે મોકલવામાં આવશે. આ ટીમ દ્વારા ભોપાલ ખાતે ભાગ લેવા નિશ્ચિત સ્થળ અને સમયે નૃત્ય-સંગીત-ગાયન-વાદન રજુ કરનાર કુલ ૧૫ બાળકો સાથે જનાર તે શાળાના ૩(ત્રણ) શિક્ષક(ભાઇ-બહેન) અને ૨(બે) એસ્કોર્ટ સાથે પહોચાવાનું રહેશે.

(એચ..એચ.ચૌધરી)
સચિવ
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નોંધ:- ઉપરમાન એસપીડીશ્રીની મળેલ મંજુરી.**

નકલ સવિનય રવાના :

- માન.શિક્ષણ અગ્ર સચિવશ્રી, પ્રા.અને મા.શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન.એસપીડીશ્રી, સદર કચેરી
- માન.એએસપીડીશ્રી, સદર કચેરી

નકલ સવિનય રવાના તથા સંબંધિતોને સૂચના આપવા સારુ :

- નિયામકશ્રી, શાળાઓની કચેરી, બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, બ્લોક નં-૧૨/૧ માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર